આગમનની રાહ જોવડાવતો મેઘો હવે વિદાયની રાહ જોવડાવી રહ્યો છે

સાપુતારા પંથકમાં ગાજવીજ સાથે વરસાદ તૂટી પડ્યો, ખેડૂતોનાં પાકોને જંગી નુકસાન, વીજળી ડુલ થઈ

ધુમ્મસીયા વાતાવરણને પગલે વાહનોની સિગ્નલ અને હેડલાઈટ ચાલુ રાખી વાહનો હંકારવાની નોબત ઉઠી

ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લામાં છેલ્લા પાંચ દિવસથી વરસાદી માહોલ જામતા કુદરતી સૌંદર્ય સોળે કળાએ ખીલી ઉઠ્યુ છે. ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં વરસાદી માહોલ જામતા નદી, નાળા, વહેળા, કોતરડા અને ઝરણાઓનાં વહેણ તેજ બન્યા છે. સાથે ફરી એકવાર જિલ્લાનાં નાના મોટા જળધોધ સૌંદર્યનાં સરતાજની સાથે ખીલી ઉઠ્યા છે.

મંગળવારે સાંજનાં અરસામાં ડાંગ જિલ્લાનાં ગિરિમથક સાપુતારા, શામગહાન, ચીખલી, ગલકુંડ, સહીત સરહદીય પંથકોમાં વીજળીનાં કડાકા ભડાકા સાથે ક્યાંક મધ્યમ તો ક્યાંક ધોધમાર સ્વરૂપેનો વરસાદ તૂટી પડતા જાહેરમાર્ગો સહિત આંતરિક માર્ગો પર પાણીની રેલમછેલ ફરી વળી હતી.

મંગળવારે ડાંગ જિલ્લાનાં સાપુતારા પંથકમાં ગાજવીજ સાથે વરસાદ પડતા ગામડાઓમાં વીજળી ડુલ થઈ હતી. ગિરિમથક સાપુતારા સહીત તળેટીય વિસ્તારમાં ધોધમાર વરસાદની સાથે ગાઢ ધુમ્મસીયા વાતાવરણની સફેદ ચાદર ઓઢાઈ રહેતા વાહનચાલકોને વાહનોની સિગ્નલ અને હેડલાઈટ ચાલુ રાખી વાહનો હંકારવાની નોબત ઉઠી હતી. ઉપરાંત ડાંગી ખેડૂતોનાં પાકીને કાપણીનાં આરે આવેલા વિવિધ પાકોને જંગી નુકસાન થયુ હતુ. ડાંગ જિલ્લાનાં ડિઝાસ્ટર વિભાગનાં જણાવ્યા અનુસાર છેલ્લા 24 કલાક દરમ્યાન આહવા, વઘઇ અને સુબિર પંથક વરસાદ વિના કોરાકટ નોંધાયા હતા. જ્યારે સાપુતારા પંથકમાં 13 મીમી જેટલો વરસાદ નોંધાયો હતો.

દમણમાં ગાજવીજ સાથે વરસાદ વરસતા સાર્વત્રિક ઠંડક પ્રસરી

દમણ : સંઘપ્રદેશ દમણ તથા આસપાસના વિસ્તારમાં મંગળવારના રોજ બપોર બાદ વાતાવરણમાં પલટો આવવા પામ્યો હતો. 4 વાગ્યાના સુમારે આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાઈ જતાં અંધારપટ છવાઈ ગયું હતું. જે બાદ વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ વરસવા પામ્યો હતો. મોડીસાંજ સુધી વરસેલા વરસાદને કારણે પ્રદેશના રસ્તા પાણી પાણી થઇ ગયા હતા. જ્યારે બીજી તરફ આકરા બફારા અને ગરમી વચ્ચે વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જતાં લોકોને ગરમી માંથી રાહત મળી હતી. હવામાન વિભાગે આગામી દિવસોમાં દક્ષિણ ગુજરાતની સાથે સંઘપ્રદેશમાં મધ્યથી હળવો વરસાદ વરસવાની આગાહી કરી છે.

ચીખલી પંથકમાં ડાંગરનો તૈયાર પાક બચાવવા ખેડૂતોની મથામણ


ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલી પંથકમાં દિવસભર ઉકળાટ બાદ સાંજના સમયે ઘનઘોર વાદળો છવાવા સાથે ગાજવીજ સાથે વરસાદ વરસતા માર્ગો પરથી પાણી વહેતા થઈ ગયા હતાં. જો કે કેટલાક વિસ્તારોમાં સારો તો કેટલાક વિસ્તારોમાં સામન્ય ઝાપટું બાદ વરસાદ બંધ થઈ ગયો હતો. વરસાદ આ રીતે છેલ્લા છએક દિવસથી આવતો હોય ડાંગરનો તૈયાર પાક બચાવવા માટે ખેડૂતોએ મથામણ કરવાની નોબત આવી છે. તૈયાર પાકની કાપણી તો થઈ શકી ન હતી. કે કાપેલો પાક સૂકવી શકાતો નથી ત્યારે મેઘરાજા હવે ક્યારે વિદાય લે તેની રાહ જોવા સિવાય કોઈ છૂટકો નથી. ઘણીવાર આગમનની રાહ જોવડાવતો મેઘો આ વખતે વિદાયની રાહ જોવડાવી રહ્યો છે.

વલસાડમાં એક જ દિવસમાં ઉનાળો, ચોમાસુ, શિયાળાની અનુભૂતિ

કપરાડામાં 3.5 ઈંચ, વાપી-વલસાડમાં વરસાદથી જિલ્લો તરબોળ થઇ ગયો

વલસાડ : વલસાડમાં નવરાત્રી ગઇ અને દિવાળી આવી રહી છે, તેમ છતાં વરસાદ અટકવાનું નામ લેતો નથી. સોમ અને મંગળવારે બપોર સુધીમાં ભારે ગરમી બાદ મંગળવારે સાંજે વલસાડ જિલ્લામાં વરસાદી ઝાપટા શરૂ થયા હતા. જેના કારણે વાતાવરણમાં પલટો આવ્યો હતો. વલસાડમાં એક જ દિવસમાં ઉનાળો, ચોમાસુ અને શિયાળાની મોસમની અનુભૂતિ થઇ હતી. મંગળવારે સવારથી કાળઝાળ ગરમી જોવા મળી હતી, ત્યારબાદ બપોરે 4 વાગ્યે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો અને ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદ શરૂ થયો હતો. જેને લઇ સમગ્ર વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઇ હતી અને વરસાદ બાદ ઠંડા પવનો ચાલતા શિયાળાની અનુભૂતિ પણ લોકોને થઇ હતી.

વલસાડમાં મંગળવારે સાંજે 4 થી 6 દરમિયાન સૌથી વધુ કપરાડામાં 89 મીમી વરસાદ નોંધાયો હતો. ત્યારબાદ વાપીમાં 19 મીમી, વલસાડમાં 12 મીમી, પારડીમાં 6 મીમી, ધરમપુરમાં 5 મીમી અને ઉમરગામમાં 4 મીમી વરસાદ નોંધાયો હતો. જેને લઇ સમગ્ર જિલ્લો ફરીથી પાણીથી તરબોળ થઇ ગયો હતો. જોકે, ખેડૂતોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું હતુ. વલસાડમાં આ વરસાદના કારણે કોઇ ખાસ મોટી નુકશાની નહી થઇ હોવાનું ખેતીવાડી વિભાગમાંથી જાણવા મળ્યું હતુ.

વલસાડ જિલ્લામાં વરસાદથી ભારે તારાજી બાલદામાં ઘરોના 30 પતરાં ઉડ્યા

વીજળીના કડાકા સાથે વરસાદથી વૃક્ષો, વીજ પોલ ધરાશાયી

GIDCની કંપનીમાં મશીનરી, ઘરોની દીવાલ સહિત લાખોની સોલાર પેનલ પ્લેટને ભારે નુકશાન

વલસાડ, પારડી : વલસાડ જિલ્લામાં મંગળવારે સાંજે અનરાધાર વરસાદ અને તેજ પવનને લઈ ધરમપુર, કપરાડા, પારડીમાં વૃક્ષો, વીજ થાંભલાઓ પડી જવાના અને ઘરો તૂટી જવાની ઘટનાઓ બની હતી. કપરાડામાં વીજ થાંભલાઓ પડી જતા અંધાર પટ છવાઈ ગયો હતો. તો માર્ગો બંધ થયા હતા. નાનાપોંઢા-પારડી વચ્ચે બાલદા નજીક સંખ્યા બંધ વૃક્ષો જડમૂળથી પડી ગયા હતા. મહત્તમ ઘરોને નુકશાન થયું હતું, જેમાં 1 મહિલાને ઇજા પહોંચી હતી. જ્યારે બાઈક વૃક્ષ નીચે દબાયા હતા. પારડીમાં પવનના સુસવાટા સાથે વાવાઝોડાની જેમ ભારે વરસાદ પડ્યો હતો. વીજળીના કડાકા ભડાકા સાથે પડેલા વરસાદને કારણે નાસિક નેશનલ હાઇવે ઉપર નાના-મોટા વૃક્ષો ધરશાયી થયા હતા. જેના કારણે વાહન વ્યવહાર બંધ થતા વાહનોની લાંબી કતાર લાગી હતી. આ સાથે ઘરની દિવાલ તેમજ 30 જેટલા પતરાં ઉપર ઝાડ પડ્યા હતા. બાલદા પંચાયતથી અવન્તિ કંપની સુધી આવેલા ઘરો, વૃક્ષોને નુકશાન થયું હતું. સમગ્ર ઘટના અંગેની જાણ બાલદાના સરપંચ રાહુલ પટેલે ટીડીઓ વિશાલ પટેલ, પોલીસ, વન વિભાગ, જીઈબી, તલાટી, હાઈવેના અધિકારીઓને કરતા વૃક્ષોને હટાવવાની કામગીરી હાથ ધરી હતી. આ સાથે પારડી gidcની કોલેટી ગિયર કંપનીમાં વીજળી અને પવન સાથે ઝાડ ધરાશાયી થતા પતરાં તૂટી પડતાં મશીનરીને નુકશાન થયું હતું. બાલદામાં જતીન દેસાઈને ત્યાં ઘરના ઉપર લગાવેલી સોલાર પેનલ પ્લેટ તૂટી પડી હતી. પારડીમાં પંથકમાં પડી રહેલા અચાનક વરસાદને કારણે ખેડૂતો અને લોકો ચિંતામાં મુકાયા છે. પારડીમાં કલાકો સુધી વીજળી ડૂલ રહેતા લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા હતા. રોજ સાંજના સમયે વીજળી ડૂલ થતા લોકોએ જીઇબી તંત્ર સામે રોષ પણ વ્યક્ત કર્યો હતો.

વાપીમાં વરસાદની ધમાકેદાર એન્ટ્રીથી જ્યાં-ત્યાં પાણી જ પાણી

વાપી : વાપીમાં મંગળવારે બપોરના સમયે એકાએક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને વાદળોની ગર્જના અને વીજળીના ચમકારા સાથે જોરદાર વરસાદ શરૂ થયો હતો. લગભગ અડધો કલાકથી વધુ સમય સુધી વરસાદી માહોલ જામતા માર્ગો ઉપર જ્યાં-ત્યાં પાણી ભરાયેલા જોવા મળ્યા હતાં. વરસાદી માહોલને લઈ ખેડૂતોની ચિંતામાં વધારો થયો હતો. વરસાદી માહોલને લઈ વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

વઘઈનાં કોતરમાં તણાઈ ગયેલા બાઇક ચાલકની લાશ મળી આવી

સાપુતારા : ડાંગ જિલ્લાનાં વઘઇ તાલુકાનાં દગડીઆંબા ગ્રુપ ગ્રામ પંચાયતનાં બોરપાડા ગામમાં આવેલા કોતરમાં 40 વર્ષીય મોટરસાયકલ ચાલક તણાઇ ગયો હતો. બોરપાડાનાં રસીક પાડવી (ઉ.40) રવિવારની મોડી સાંજે પોતાના ઘરે આવી રહ્યા હતા. તે દરમિયાન કોતર પર આવેલા કોઝવે પાર કરી રહ્યા હતા. ત્યારે ડાંગ જિલ્લામાં પડી રહેલા વરસાદને પગલે આ કોતર પાણીથી છલકાઈ ગયુ હતુ. ત્યારે રસિકભાઈ મોટરસાયકલ સાથે કોઝવે પાર કરતા પાણીમાં વધારો થતા પાણીના ભારે પ્રવાહમાં બાઇક સાથે ખેંચાઇને તણાઈ ગયા હતા. જે બાદ રસિકભાઈ અને મોટરસાયકલની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. ત્યારે મોટરસાયકલ નજીકનાં ઘોધમાંથી મળી આવી હતી. પરંતુ રસિકભાઈ મળી આવ્યા નહોતા. જે બાદ ડાંગ જિલ્લા વહીવટી તંત્રનાં માર્ગદર્શન હેઠળ એસ.ડી.આર.એફની ટીમ તથા તરવૈયાઓ શોધખોળમાં જોતરાતા ત્રીજા દિવસે એટલે સોમવારે બોરપાડાનાં થોડે દૂર આવેલા ખોખરચોંડ કોતરમાંથી યુવાનની લાશ મળી આવી હતી. હાલમાં વઘઇ પોલીસની ટીમે સ્થળ પરથી લાશનો કબજો મેળવી મોત અંગેનો ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

બિસ્માર રસ્તા રિપેરનું કાર્ય ફરીથી ખોરંભે

વલસાડમાં નવરાત્રીના અંતિમ દિવસોથી શરૂ થયેલો વરસાદ અટકવાનું નામ લેતો નથી. એક બે દિવસના અંતરે બપોર પછી વરસાદ વરસી પડે છે. જેના કારણે માર્ગ મકાન વિભાગની હાલત કફોડી બની ગઇ છે. તેમના દ્વારા અનેક બિસ્માર માર્ગો રિપેર કરવાનું કાર્ય શરૂ કરાયું હતુ. જોકે, માર્ગ બનાવે એ પહેલાં જ વરસાદ તૂટી પડતાં તેમનું કાર્ય ખોરંભે પડી રહ્યું છે. તેમણે પૂરેલા ખાડા પણ ફરીથી ઉખડી રહ્યા છે. આજે પણ માર્ગ મકાન વિભાગ દ્વારા તડકો જોઇ તિથલ રોડ ચાર રસ્તાનું ખોદકામ કરી અહીં રિકાર્પેટીંગ કરવાની કામગીરી આરંભી હતી, પરંતુ વરસાદ પડતાં આ કામ પણ ખોરંભે પડ્યું હતું.

નવસારી જિલ્લામાં માત્ર વરસાદના છુટાછવાયા છાંટા પડ્યા

નવસારી : નવસારી જિલ્લામાં વરસાદનું જોર ઘટી જતા માત્ર વરસાદના છુટાછવાયા છાંટા પડ્યા હતા. જોકે સાંજે વરસાદના છુટાછવાયા છાંટા પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. નવસારી જિલ્લામાં નવરાત્રી દરમિયાન વાતાવરણનું અવનવું જોવા મળ્યું હતું. નવરાત્રી દરમિયાન દિવસ દરમિયાન ઉનાળા જેવી ગરમી પડતી હતી. તેમજ સાંજે અચાનક વાતાવરણમાં પલટો આવતા વરસાદ પડવાનું શરૂ થતું હતું. જિલ્લામાં વરસાદી છાંટા નહીં પરંતુ સામાન્ય વરસાદ પડતા શહેરમાં વરસાદી ભરાઈ જતા હતા. જોકે વરસાદ વિરામ લેતા જ વરસાદી પાણી ઓસરી જતા હતા. સાથે જ વાતાવરણમાં ઠંડક વર્તાઈ રહી હતી. જોકે ગત બે દિવસથી વરસાદે જિલ્લામાં વિરામ લીધો હોય તેમ લાગી રહ્યું છે. ગત રોજ તો વરસાદનો વિરામ હતો. જ્યારે આજે જિલ્લામાં વરસાદના માત્ર છુટાછવાયા છાંટા પડ્યા હતા. સાંજે નવસારીમાં વરસાદના છાંટા પડતા વાતાવરણમાં થોડી ઠંડક પ્રસરી હતી.

નવરાત્રીમાં સગીરાને વાતોમાં ભોળવી વિજલપોરના યુવાને દુષ્કર્મ આચર્યું

ઘટના અંગે કોઈને કહેશે તો જાનથી મારી નાંખવાની ધમકી આપનાર આરોપીને પોલીસે ઝડપી પાડ્યો

નવસારી : નવરાત્રીમાં વિજલપોરમાં યુવાને સગીરાને વાતોમાં ભોળવી દુષ્કર્મ આચરતા મામલો વિજલપોર પોલીસ મથકે પહોંચ્યો હતો. જ્યાં પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી આગળની તજવીજ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, વિજલપોરમાં 14 વર્ષીય સગીરા રહે છે. વિજલપોર નવદુર્ગા નગરમાં રહેતો રોહિત નામના યુવાને સગીરા પર દાનત બગાડી હતી. સગીરા અને રોહિત એકબીજાને ઓળખતા હતા. જેથી સગીરા રોહિત સાથે વાતચીત કરતી હતી. દરમિયાન ગત 9મીએ નવરાત્રી દરમિયાન રોહિત સગીરાને પોતાની વાતોમાં ભોળવીને અવાવરું જગ્યાએ લઈ ગયો હતો.

જોકે સગીરાને પણ રોહિત ઉપર વિશ્વાસ કરી તેની સાથે જતી રહી હતી. પરંતુ રોહિતે સગીરા સાથે તેણીની મરજી વિરુદ્ધ બળજબરી પૂર્વક દુષ્કર્મ આચર્યું હતું. તેમજ રોહિતે સગીરાને આ બાબતે કોઈને કહેશે તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. પરંતુ સગીરા ઘભરાઈ જતા આ ઘટના અંગે તેની માતાને જાણ કરી હતી. જેથી સગીરાની માતાએ રોહિત વિરુદ્ધ વિજલપોર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે પોક્સો એક્ટ હેઠળ સહિતનો ગુનો નોંધી આરોપી રોહિતની ધરપકડ કરી આગળની તજવીજ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓમાં બાળકી, સગીરા અને યુવતીઓ સાથે દુષ્કર્મની ઘટનાઓમાં વધારો થઈ રહ્યો છે.

નવરાત્રી દરમિયાન ગુજરાતના ઘણી જગ્યાએ દુષ્કર્મના બનાવો બન્યા છે. ગુજરાતમાં વધતી જતી દુષ્કર્મની ઘટનાઓને પગલે મહિલાઓમાં ડરનો માહોલ ફેલાયો છે. તો બીજી તરફ ગુજરાત સરકારની કામગીરી સામે પણ સવાલો ઉઠી રહ્યા છે. ત્યારે સરકાર પોલીસ દ્વારા દુષ્કર્મના આરોપીઓને કડકમાં કડક સજા કરાવે તે જરૂરી છે.

ડાંગરના પાકને નુકસાનીના અહેવાલ વચ્ચે ખેતીવાડી શાખા દ્વારા સર્વેની કામગીરી પૂરજોશમાં

ધર્મેશ પટેલ

જોકે સર્વે બાદ ખેડૂતોને સહાય મળશે કે કેમ તે માટે હજુ પણ અવઢવ

ઘેજ : ચીખલીમાં પાછોતરા વરસાદથી ડાંગરના પાકને નુકસાનીના અખબારી અહેવાલ વચ્ચે ખેતીવાડી શાખા દ્વારા સર્વેની કામગીરી પૂરજોશમાં કરવામાં આવી રહી છે. જોકે સર્વે બાદ ખેડૂતોને સહાય મળશે કે કેમ તે માટે હજુ પણ અવઢવ છે.

ચાલુ સિઝને તાલુકામાં ડાંગરના પાકમાં ખેડૂતોને સારી એવી સફળતા મળી હતી. પરંતુ લહેરાઈ રહેલા પાકને પાછોતરા વરસાદનું ગ્રહણ નડતા મોટેભાગનો ડાંગરનો પાક પડી જવા પામ્યો છે અને જેમણે કાપણી કરી ન હતી તે પલળી ગયો છે. જેને પગલે ખેડૂતોની આશા અપેક્ષા પર પાણી ફરી વળવા સાથે મહેનત અને ખર્ચ પણ માથે પડ્યો છે.

ઉપરોક્ત સંજોગોમાં સરકાર દ્વારા સર્વે કરાવી સહાય ચૂકવવામાં આવે તેવી ખેડૂતોમાં માંગ ઉઠવા પામી છે તે અંગેના અખબારી અહેવાલ વચ્ચે ખેતીવાડી શાખા દ્વારા છેલ્લા બે દિવસથી ચાલુ રહેલી સર્વેની કામગીરીમાં ગતિ વધારી તાલુકાના તમામ ગામોમાં ખેતીવાડી શાખાના અધિકારી અને ગ્રામ સેવકોની છ જેટલી ટીમ ઉતારી નુકસાનીનો સર્વે કરવામાં આવી રહ્યું છે.

જોકે આ સર્વે પ્રાથમિક સ્તરનું હોવાનું અને સહાય અંગે સરકાર માટે હાલે કોઈ સ્પષ્ટ સૂચના ન હોય તેવા સંજોગોમાં સર્વે બાદ ખેડૂતોને સહાય મળશે કે કેમ તે માટે હજુ પણ અવઢવભરી સ્થિતિ છે. ત્યારે સરકાર દ્વારા માત્ર સર્વે કરાવવાથી સંતોષ માનવાના સ્થાને સર્વે બાદ સહાય પણ ચૂકવવામાં આવે તે જરૂર છે.

ખેડૂતોને સાથે રાખી સર્વે કરવામાં આવ્યો હતો

ફડવેલના તાલુકા સભ્ય મહેશ પટેલે જણાવ્યુ હતુ કે અમારા ગામમાં આજે ખેતીવાડી શાખાના વિસ્તરણ અધિકારી અને ગ્રામસેવકની ટીમ આવી હતી. ખેડૂતોને સાથે રાખી ડાંગરના પાકમાં નુકશાનીનું સર્વે કરવામાં આવ્યું હતું.

ગાંજા સાથે પકડાયેલી મહિલાની જામીન અરજી નામંજૂર

વલસાડ : વાપીમાં ગાંજા સાથે પકડાયેલી એક મહિલાએ વાપીની સ્પેશ્યલ કોર્ટમાં જામીન માટે અરજી કરી હતી. જેની સૂનાવણી હાથ ધરાતા જજ ટી.વી. આહુજાએ ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી મહિલા આરોપીની જામીન અરજી નામંજૂર કરતો હુકમ કર્યો હતો. વાપી ટાઉન પોલીસે એક દરોડા દરમિયાન શબનમ મોહંમદ સૈયદ નામની મહિલાને 2.750 કિલો ગાંજા સાથે પકડી પાડી હતી. જેને બાદમાં જ્યુડિશ્યલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવી હતી. શબનમે જ્યુડિશ્યલ કસ્ટડીમાંથી મુક્ત થવા વાપીની સ્પેશ્યલ કોર્ટમાં કરેલી જામીન અરજી નામંજૂર થઇ હતી.

સુરત મહાનગરપાલિકા

(Visit us at www.Suratmunicipal.gov.in)

આકારણી અને વસુલાત વિભાગ

સને ૨૦૨૪-૨૫નાં વર્ષ માટેની આકારણી અંગેની

જાહેર નોટિસ

વિસ્તાર : સુરત મહાનગરપાલિકાની હદ વિસ્તારમાં આવેલ સેન્ટ્રલ ઝોન ૧૨-એ,બી (શાહપોર), પર-એ (ગર્વમેન્ટ), **નોર્થ ઝોન (કતારગામ)** નાં વોર્ડ નં. ૧૫ - એચ (લાલદરવાજા પટેલવાડી), **ઈસ્ટ (વરાછા) ઝોન-એ** નાં વોર્ડ નં. ૧૮-ઈ (મીનીબજાર),૧૮- એફ (લંબેહનુમાન રોડ), ૨૪-એ, બી (મગોબ), ૭૨ એચ - (મગોબ-ઉત્તર), **ઈસ્ટ ઝોન-બી (નવો પૂર્વ ઝોન(સરથાણા))** નાં વોર્ડ નં.૬૯ - એ (સીમાડા), ૧૩૦- એ(લસકાણા), ૧૩૨-એ (પાસોદરા), **સાઉથ ઝોન-એ (ઉધના-એ)** નાં વોર્ડ નં. ૧૪-એ (ખટોદરા), ૨૭-બી,સી,ડી,(ઉધના),૩૦-બી,સી(પાંડેસરા),**સાઉથઝોન-બી (કનકપુર)** નાં વોર્ડ નં.૧૦૨- એ (સચીન),**સાઉથ વેસ્ટ ઝોન (અઠવા)** ના વોર્ડ નં. ૭૯-એ (ભીમરાડ),૮૧-એ (ખજોદ),૮૪- એ (આભવા),૮૭- એ (ગવિયર),૮૯- એ (ડુમસ), ૯૦- એ (ભીમપોર), ૯૧- એ(સુલતાનાબાદ), ૧૦૧- એ (કાદી ફળિયા), **સાઉથ ઈસ્ટ ઝોન (લીંબાયત)** ના વોર્ડ નં. ૬૫-ડી(ગોડાદરા),૪૧-એ,બી,સી,ડી,ઈ, (ઉમરવાડા)ના વિસ્તારોમાં આવેલ ઈમારતો / જગાઓના સંદર્ભમાં સને ૨૦૨૪-૨૫નાં નાણાંકીય વર્ષની શરૂઆતથી અમલમાં આવતી ''નવી આકારણીની ચોપડી'' બાબત

૧/ સને ૧૯૪૯ નાં મુંબઈ પ્રાંતીય મહાનગરપાલિકાઓના અધિનિયમ (સને ૧૯૪૯ નાં મુંબઈ અધિનિયમ ક્રમાંક - ૫૯) ની અનુસૂચિ-ક ના પ્રકરણ-૮ અન્વયે કરવેરાનાં નિયમોના નિયમ-૨૧ નાં પેટા નિયમ (૨) અન્વયે ઠરાવ્યા મુજબ મજકુર અધિનિયમ અન્વયેનાં મિલ્કતકરોનાં હેતુ માટે સુરતની કોર્પોરેશને નકકી કરેલ સેન્ટ્રલ ઝોન નાં વોર્ડ નં. ૧૨-એ,બી (શાહપોર),પર-એ (ગર્વમેન્ટ), **નોર્થ ઝોન (કતારગામ)** નાં વોર્ડ નં. ૧૫ - એચ (લાલદરવાજા પટેલવાડી), **ઈસ્ટ (વરાછા) ઝોન-એ** નાં વોર્ડ નં. ૧૮-ઈ (મીનીબજાર), ૧૮- એફ (લંબેહનુમાન રોડ), ૨૪-એ, બી (મગોબ), ૭૨ -એચ (મગોબ-ઉત્તર), **ઈસ્ટ ઝોન-બી (નવો પૂર્વ ઝોન(સરથાણા))** નાં વોર્ડ નં.૬૯-એ (સીમાડા), ૧૩૦- એ (લસકાણા), ૧૩૨-એ (પાસોદરા), **સાઉથ ઝોન-એ (ઉધના-એ)** નાં વોર્ડ નં.૧૪-એ (ખટોદરા), ૨૭-બી, સી, ડી, (ઉધના),૩૦-બી,સી (પાંડેસરા), **સાઉથઝોન-બી(કનકપુર)** નાં વોર્ડ નં.૧૦૨- એ (સચીન),**સાઉથ વેસ્ટ ઝોન (અઠવા)** ના વોર્ડ નં.૭૯-એ (ભીમરાડ),૮૧-એ (ખજોદ),૮૪- એ (આભવા),૮૭- એ (ગવિયર),૮૯- એ (ડુમસ), ૯૦- એ (ભીમપોર), ૯૧- એ(સુલતાનાબાદ), ૧૦૧- એ (કાદી ફળિયા), **સાઉથ ઈસ્ટ ઝોન (લીંબાયત)** ના વોર્ડ નં. ૬૫-ડી(ગોડાદરા),૪૧-એ,બી,સી,ડી,ઈ, (ઉમરવાડા) હેઠળનાં સ્થાનિક વિસ્તારોમાં આવેલી ઈમારતો/જમીનો/જગાઓનાં સંદર્ભમાં મજકુર કરવેરાનાં નિયમોના નિયમ-૯ નાં ખંડ (ક) થી (જ) અન્વયે ઠરાવ્યા મુજબની વિગતો સને ૨૦૨૪-૨૫નાં નાણાંકીય વર્ષથી અમલમાં આવતી નવી આકારણીની ચોપડી તૈયાર કરવામાં આવેલી છે અને તદ્દાનુસાર મિલકતકરો આકારવાનું, ઉઘરાવવાનું તથા વસુલ કરવાનું નકકી કરવામાં આવેલ છે.

૨/ **મ્યુનિ. સેન્ટ્રલ ઝોન** નાં વોર્ડ નં. ૧૨-એ,બી (શાહપોર),પર-એ (ગર્વમેન્ટ), **નોર્થ ઝોન (કતારગામ)** નાં વોર્ડ નં. ૧૫ - એચ (લાલદરવાજા પટેલવાડી), **ઈસ્ટ (વરાછા) ઝોન-એ** નાં વોર્ડ નં. ૧૮-ઈ (મીનીબજાર), ૧૮- એફ (લંબેહનુમાન રોડ), ૨૪-એ, બી (મગોબ), ૭૨ -એચ(મગોબ-ઉત્તર), **ઈસ્ટ ઝોન-બી (નવો પૂર્વ ઝોન(સરથાણા))** નાં વોર્ડ નં.૬૯ - એ (સીમાડા), ૧૩૦- એ (લસકાણા), ૧૩૨-એ (પાસોદરા), **સાઉથ ઝોન-એ(ઉધના-એ)** નાં વોર્ડ નં.૧૪-એ(ખટોદરા), ૨૭- બી, સી, ડી, (ઉધના), ૩૦-બી,સી (પાંડેસરા), **સાઉથઝોન-બી(કનકપુર)** નાં વોર્ડ નં.૧૦૨- એ (સચીન),**સાઉથ વેસ્ટ ઝોન (અઠવા)** ના વોર્ડ નં.૭૯-એ (ભીમરાડ),૮૧-એ (ખજોદ),૮૪- એ (આભવા),૮૭- એ (ગવિયર),૮૯- એ (ડુમસ), ૯૦- એ (ભીમપોર), ૯૧- એ(સુલતાનાબાદ), ૧૦૧- એ (કાદી ફળિયા), **સાઉથ ઈસ્ટ ઝોન (લીંબાયત)** ના વોર્ડ નં. ૬૫-ડી(ગોડાદરા),૪૧-એ,બી,સી,ડી,ઈ, (ઉમરવાડા) માં આવેલ તમામ ઈમારતો જમીનો / જગાઓના સંદર્ભમાં મિલકતવેરો ભરવાને પ્રથમતઃ જવાબદાર વ્યકિતઓ/તેના ધારણ કરનારાઓ/તેના ભોગવટો કરનાર હોવાનો વ્યાજબી રીતે દાવો કરતી હોય તેવી વ્યકિતઓને, મજકુર કરવેરા નિયમોના નિયમ-૧૩ અને ૧૫ અન્વયે ઠરાવ્યા મુજબ આથી જાહેર નોટિસ આપી જણાવવામાં આવે છે કે, મજકુર નવી આકારણીની ચોપડીની કરવેરાના નિયમોના નિયમ-૯ નાં ખંડ (ક) થી (જ) અન્વયે ઠરાવ્યા મુજબની વિગતોને લગતી તમામ નોંધો કે જે મિલકત કરોના હેતુ માટે સને ૨૦૨૪-૨૫નાં નાણાંકીય વર્ષની શરૂઆતથી અમલમાં આવતી હોવાથી મજકુર આકારણીની ચોપડી સુરત મહાનગરપાલિકાનાં જે તે ઝોન કચેરીનાં એસેસમેન્ટ એન્ડ રીકવરી વિભાગની કચેરીમાં જાહેર તહેવારોની રજાઓના દિવસો સિવાયના દિવસોમે તા. ૩૦/૧૦ /૨૦૨૪ સુધી કચેરી સમય દરમ્યાન ૧૦.૩૦ ક. થી સાંજે ૬.૧૦ કલાક સુધી (બપોરે ૨.૩૦ ક. થી ૩.૦૦ ક. રીસેષ સિવાય) જોવા માટે ખુલ્લી રાખવામાં આવશે. મજકુર ઈમારત/જમીન/જગાના માલિક/મિલકતકરો ભરવાને પ્રથમતઃ જવાબદાર વ્યકિત/તેના ધારણ કરનાર/તેનો ભોગવટો કરનાર હોવાનો વ્યાજબી દાવો કરતી હોય તેવી વ્યકિત કે ભોગવટો કરનાર એજન્ટને કોઈપણ ચાર્જ લીધા વગર ઉકત ઈમારત/જમીન/જગાને લગતી ઉકત ચોપડીનો કોઈપણ ભાગ જોવા દેવામાં આવશે અથવા તેમાંથી કોઈ નોંધના ઉતારા લેવા દેવામાં આવશે.

૩/ આથી જાહેર સુચના આપવામાં આવે છે કે, મિલકત કરોના હેતુ સારૂ સને ૨૦૨૪-૨૫નાં નાણાંકીય વર્ષની શરૂઆતથી અમલમાં આવતી અને તેવી મિલકત ઈમારત/જમીન/જગાને લગતી કોઈપણ નોંધ કે નોંધોની સામે કોઈ ફરિયાદ હોય તો તેવી ફરિયાદના કારણો ટૂંકાણમાં પણ પૂરેપૂરા જણાવી તેવી લેખિત ફરિયાદ (હરકત અરજી) જરૂરી સાધનિક પુરાવાઓ સહિત આ નોટિસ પ્રસિધ્ધ થયા બાદ તા.૩૦/૧૦/૨૦૨૪ સુધીના નિયત સમયમર્યાદામાં મ્યુનિ. કમિશ્નરશ્રીને પહોંચે તે રીતે મોકલી આપવાની રહેશે. વહીવટી સરળતા ખાતર આવી ફરિયાદ અરજી સુરત મહાનગરપાલિકાનાં જે તે ઝોન ખાતેના નાગરિક સુવિધા કેન્દ્રમાં રૂા.૫૦/- નાં ફોર્મમાં રજુ કરવી વધુ હિતાવહ ગણાશે. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી સિવાયની અન્ય વ્યકિતને સંબોધીને અથવા ઉપરોકત સમયમર્યાદા બહાર રજુ થયેલ અને/અથવા પૂરેપૂરા કારણો જણાવ્યા ન હોય તેવી અને/અથવા અધૂરા કારણોવાળી અને/અથવા જરૂરી સાધનિક પુરાવાઓ વગરની કોઈપણ ફરિયાદ/અરજી પર ધ્યાન આપવામાં આવશે નહી. આવી ફરિયાદ અરજી દફતરે કરવાને પાત્ર ઠરશે. પ્રત્યેક ટેનામેન્ટના સંદર્ભમાં સંપૂર્ણ માહિતીઓવાળી અલગ અલગ ફરિયાદ અરજી રજુ કરવાની રહેશે. આ મુજબ કરેલ લેખિત ફરિયાદ અરજીઓની તપાસ અને તેનો નિકાલ મજકુર કરવેરા નિયમો અન્વયે ઠરાવ્યા મુજબ કરવામાં આવશે.

૪/ વધુમાં આવી પણ સ્પષ્ટતા કરવામાં આવે છે કે, જો લેખિત ફરિયાદ અરજી નિયત સમયમર્યાદામાં મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને પહોંચાડવામાં